# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 14-06-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

****************************************************

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી થોડી વારમાં ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ ઇમેન્યુઅલ મેક્રોન સાથે ઇન્ડિયા ઇનોવેટ્સ કાર્યક્રમનું ઉદ્ઘાટન કરશે.**
2. **EDની ફરિયાદ આધારે બેંગ્લુરુમાં, વિદેશી ભંડોળના ગેરકાયદેસર ઉપયોગ બદલ એક અમેરિકન સંસ્થા અને છ લોકો સામે કેસ.**
3. **ઝારખંડમાં છેલ્લા 24 કલાકમાં વીજળી પડવાની વિવિધ ઘટનાઓમાં સાતના મોત**
4. **શ્રીલંકાના કોલંબોમાં આજે પાંચ હજારથી વધુ નર્તકોએ ભરતનાટ્યમ નૃત્ય કરી ગિનીસ વર્લ્ડ રેકોર્ડ નોંધાવ્યો.**
5. **ICC મહિલા T20 વિશ્વકપમાં આજે ભારત પાકિસ્તાન સામે ટકરાશે.**

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PM-NICE-VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી થોડી વારમાં ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ ઇમેન્યુઅલ મેક્રો સાથે નીસમાં ઇન્ડિયા ઇનોવેટ્સ કાર્યક્રમનું ઉદ્ઘાટન કરશે.

પ્રસ્તુત છે અમારા સંવાદદાતાનો અહેવાલ....

**(VC- VISHAL)**

આ યાત્રા દરમિયાન શ્રી મોદી G-7 સંમેલનમાં ઉપસ્થિત રહેશે.

# TRUMP MODI

દરમિયાન અમેરિકન રાષ્ટ્રપતિ કાર્યાલયે જણાવ્યું કે રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ફ્રાન્સમાં યોજાનારી G-7 બેઠક દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે વાતચીત કરે તેવી શક્યતા છે. બંને નેતા આર્થિક વિકાસ, સપ્લાય ચેઇન, ટેકનોલોજીકલ નવીનતા, રોકાણ ભાગીદારી અને અન્ય સુરક્ષા મુદ્દાઓ પર ચર્ચા કરે તેવી અપેક્ષા છે.

વ્હાઇટ હાઉસના જણાવ્યા મુજબ, G-7 સંમેલન અમેરિકાની આર્થિક અને વ્યૂહાત્મક પ્રાથમિકતાઓને આગળ વધારવા અને મિત્ર દેશો સાથે સહયોગ મજબૂત કરવાની તક પૂરી પાડશે.

# PM-HEALTH 12TH YEARS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, ગત 12 વર્ષોમાં, દેશમાં આરોગ્યસંભાળ સેવા સુધારવા અને તેને રાહત દરે પૂરી પાડતા માટે અનેક પગલાં લેવાયા છે. સોશિયલ મીડિયા સંદેશમાં, તેમણે જણાવ્યું કે આયુષ્માન ભારત યોજના ગરીબો અને જરૂરિયાતમંદોને સારવાર પૂરી પાડે છે, જ્યારે જન ઔષધિ કેન્દ્રો રાહત દરે દવાઓ પૂરી પાડે છે.

પ્રધાનમંત્રીએ ઉમેર્યું કે દર્દીઓને સ્ટેન્ટ અને ઘૂંટણના પ્રત્યારોપણના ઓછા ભાવનો લાભ થયો છે. વધુમાં, મેડિકલ કોલેજો અને બેઠકોના વિસ્તરણથી ડૉક્ટર બનવાની તકોમાં વધારો થયો છે.

# GADKARI - HEALTH SECTOR

કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં છેલ્લા દાયકામાં દેશના આરોગ્યસંભાળ ક્ષેત્રમાં મોટા પાયે પરિવર્તન આવ્યું છે. તેમણે કહ્યું કે, સરકારની મુખ્ય આરોગ્ય યોજનાઓએ આરોગ્યસંભાળને વધુ સુલભ અને સસ્તું બનાવ્યું છે.

એક સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી ગડકરીએ જણાવ્યું કે આયુષ્માન ભારત યોજના હેઠળ કરોડો લોકો કેશલેસ આરોગ્યસંભાળ મેળવી રહ્યા છે, અને તેનો વ્યાપ હવે વરિષ્ઠ નાગરિકો સુધી વિસ્તૃત કરાયો છે. તેમણે ઉમેર્યું, જન ઔષધિ કેન્દ્રો દ્વારા ગુણવત્તાયુક્ત દવાઓ રાહત દરે ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

શ્રી ગડકરીએ કહ્યું કે, ઇ-સંજીવની જેવા ડિજિટલ પ્લેટફોર્મ અને સ્વચ્છ ભારત મિશન જેવી પહેલો દેશમાં એક સમાવિષ્ટ અને મજબૂત આરોગ્યસંભાળ વ્યવસ્થાના નિર્માણમાં મુખ્ય ભૂમિકા ભજવી રહી છે.

# ED US CASE

પ્રવર્તન નિદેશાલય (ED) ની ફરિયાદના આધારે અમેરિકાની એક સંસ્થા અને અન્ય છ લોકો સામે કેસ નોંધવામાં આવ્યો છે. ED ફરિયાદના આધારે, બેંગલુરુની કોઠાનુર પોલીસે ગત 11 જૂને ભારતીય ન્યાય સંહિતા અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમની વિવિધ જોગવાઈઓ હેઠળ કેસ નોંધ્યો છે. જેમાં ભારતમાં વિદેશી ડેબિટ કાર્ડ દ્વારા ગેરકાયદેસર વિદેશી ભંડોળનો ઉપયોગ કરાયો હોવાનો આરોપ કરાયો છે.

EDના જણાવ્યા મુજબ તપાસમાં જાણવા મળ્યું છે કે, નવેમ્બર 2025થી એપ્રિલ 2026 વચ્ચે નિયમોનું ઉલ્લંઘન કરીને આશરે 92 કરોડ 55 લાખ રૂપિયાનો ગેરકાયદેસર ઉપયોગ કરાયો હતો. ED નું કહેવું છે કે, આ નાણાં વિદેશી ડેબિટ કાર્ડ દ્વારા ઉપાડવામાં આવ્યા હતા અને વિવિધ સ્થળોએ ખર્ચવામાં આવ્યા હતા.

# JH LIGHTNING

ઝારખંડમાં છેલ્લા 24 કલાકમાં વીજળી પડવાની વિવિધ ઘટનાઓમાં સાત લોકોના મોત થયા છે. જેમાં ત્રણ મહિલાઓ અને એક બાળકનો સમાવેશ થાય છે. પોલીસે જણાવ્યું હતું કે, મૃતકોમાંથી બે રાંચીના અને બે ગઢવા જિલ્લાના હતા. અન્ય ચતરા, ગિરિડીહ અને સેરાઈકેલા-ખરસાવન જિલ્લાના હતા. અધિકારીઓએ મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલ્યા છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# NADDA-WORLD-BLOOD-DONOR-DAY

આજે વિશ્વ રક્તદાતા દિવસ નિમિતે કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે પી નડ્ડાએ લોકોને સ્વેચ્છાએ રક્તદાન કરવાની અપીલ કરી છે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી નડ્ડાએ કહ્યું કે, રક્તદાન એ વ્યક્તિને નવું જીવન આપવાનો સૌથી અસરકારક અને પવિત્ર તકે છે. તેમણે રક્તદાનના મહત્વ વિશે જાગૃતિ વધારવા પર ભાર મૂક્યો.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્યમંત્રી પ્રતાપરાવ જાધવે પણ લોકોને આગળ આવીને જવાબદારીપૂર્વક રક્તદાન કરવા અને માનવ જીવન બચાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવા અપીલ કરી છે.

# REV. ONLINE YOGA SESSION

આયૂષ મંત્રાલયે, આગામી 21 જૂને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પહેલાના કાર્યક્રમોના ભાગ રૂપે આજે સવારે એક વૈશ્વિક ઓનલાઈન યોગ સત્રનું આયોજન કર્યું હતું. તેમાં 130 થી વધુ દેશોએ ભાગ લીધો હતો.

આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય વિશ્વભરના યોગ ઉત્સાહીઓને ડિજિટલ મંચ પર એકસાથે લાવવાનો અને YouTube લાઇવ યોગ સ્ટ્રીમ પર સૌથી વધુ દર્શકો માટે ગિનિસ વર્લ્ડ રેકોર્ડ સ્થાપવાનો હતો.

આ પ્રસંગે આયુષ મંત્રી પ્રતાપ રાવ જાધવે કહ્યું કે, યોગ એક વૈશ્વિક જન ચળવળ બની ગઈ છે. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની માન્યતા ભારત માટે ગર્વની વાત છે અને તે આરોગ્ય તથા માનસિક સુખાકારી માટે યોગની વધતી જતી સ્વીકૃતિને પ્રતિબિંબિત કરે છે. તેમણે લોકોને યોગને તેમની દિનચર્યામાં સામેલ કરવા અપીલ કરી.

# KIRTI-VARDHAN-TAJIKISTAN

દરમિયાન આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પહેલા વિદેશ રાજ્યમંત્રી કીર્તિ વર્ધન સિંહે સર્વાંગી સ્વાસ્થ્ય, માનસિક સુખાકારી અને પ્રકૃતિ સાથે સુમેળને પ્રોત્સાહન આપવામાં યોગની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો.

તાજિકિસ્તાનના દુશાંબેમાં યોગ સત્રમાં ભાગ લેતા તેમણે કહ્યું કે, યોગ એ શાશ્વત મૂલ્યોને પ્રતિબિંબિત કરે છે જે વિશ્વભરના લાખો લોકોને પ્રેરણા આપે છે. શુક્રવારે, શ્રી સિંહે તાજિકિસ્તાનના વિદેશ મંત્રી સિરાજુદ્દીન મુહરિદ્દીન સાથે મુલાકાત કરી હતી અને બંને દેશ વચ્ચે દ્વિપક્ષીય સંબંધો વધુ મજબૂત બનાવવા અંગે ચર્ચા કરી હતી.

# BHARATANATYAM-WORLD-RECORD

શ્રીલંકાના કોલંબોમાં આજે પાંચ હજારથી વધુ નર્તકોએ ભરતનાટ્યમ નૃત્ય કરી ગિનીસ વર્લ્ડ રેકોર્ડ નોંધાવ્યો

ભારતીય શાસ્ત્રીય નૃત્ય અને સાંસ્કૃતિક વારસાની આ ઉજવણીનું આયોજન સંગમમ ગ્લોબલ એકેડેમી ઓફ ઈન્ડિયા અને શ્રીલંકાના સંગમીઝ લિયા દ્વારા કરાયું હતું. શ્રીલંકા, ભારત અને અન્ય ઘણા દેશોના હજારો નર્તકોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમનો ઉદ્દેશ ભરતનાટ્યમની શાશ્વત પરંપરા દર્શાવવાનો અને સરહદો પાર સાંસ્કૃતિક સંબંધોને પ્રોત્સાહન આપવાનો હતો.

શ્રીલંકામાં ભારતીય હાઈ કમિશનર સંતોષ ઝાએ કલાકારો અને આયોજકો વતી ગિનીસ વર્લ્ડ રેકોર્ડનું પ્રમાણપત્ર સ્વીકાર્યું. નર્તકો અને આયોજકોને અભિનંદન આપતા હાઈ કમિશનરે કહ્યું કે, ભારત અને શ્રીલંકા વચ્ચેના પરસ્પર સંબંધને મજબૂત બનાવવામાં સંસ્કૃતિ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

# KAILASH MANSAROVAR YATRA

કૈલાસ માનસરોવર યાત્રા માટે પ્રથમ સમૂહ આવતીકાલે નવી દિલ્હીથી રવાના થશે અને નાથુ લા રૂટ દ્વારા મુસાફરી કરશે.

કૈલાસ માનસરોવર યાત્રા માટે પ્રથમ સમૂહનો પ્રસ્થાન સમારોહ નવી દિલ્હીમાં યોજાયો હતો. વિદેશ રાજ્ય મંત્રી પબિત્રા માર્ગેરિટાએ સમારોહની અધ્યક્ષતા કરી હતી. શ્રી માર્ગેરિટાએ યાત્રા માટે ઉત્તરાખંડ, સિક્કિમ અને ઉત્તર પ્રદેશની રાજ્ય સરકારોના અથાક પ્રયાસની પ્રશંસા કરી હતી.

# ICC WOMEN'S T20

ICC મહિલા T20 વિશ્વકપમાં આજે ભારત પાકિસ્તાન સામે ટકરાશે. પ્રસ્તુત છે અમારા સંવાદદાતાનો અહેવાલ ..........................

(VC- MUKESH-SPORTS)

# KHAMENEI-FUNERAL

ઈરાને તેમના દિવંગત સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનૈના અંતિમ સંસ્કારનું સમયપત્રક જાહેર કર્યું છે.

ઈરાની સમાચાર સંસ્થાના જણાવ્યા મુજબ, ખામેનૈના અંતિમ સંસ્કાર 4 અને 5 જુલાઈના રોજ તેહરાનમાં ઇમામ ખોમેનૈ દરગાહ ખાતે યોજાશે. 6 ઠ્ઠી અને 7 મી તારીખે પવિત્ર શહેર કોમમાં ધાર્મિક વિધિઓ બાદ, તેમને 9 જુલાઈના રોજ મશહદમાં ઇમામ રેઝા દરગાહ ખાતે દફનાવવામાં આવશે.

# ITALY- DEMONSTRATION

ઇટાલીના પાટનગરમાં રોમમાં ગઈકાલે ઈટાલીમાં સ્થળાંતર થયેલા વિદેશીઓના સમર્થનમાં અને વિરોધમાં અલગ-અલગ પ્રદર્શન થયા હતા. સ્થળાંતર કરનારાઓ સામે કડક પગલાં લેવાની માંગ કરતી એક પહેલને સંસદમાં ચર્ચા કરવા માટે જરૂરી 50 હજાર સહીઓ મળી ગઈ છે.

વિરોધ પ્રદર્શન અને સમર્થન બંનેમાં હજારો લોકોએ ભાગ લીધો હતો. કાયદો અને વ્યવસ્થા જાળવવા મોટી સંખ્યામાં પોલીસ તૈનાત કરવામાં આવી હતી. જોકે, કોઈ હિંસાના અહેવાલ નથી.